| Candidate Name | Centre Number | Candidate Number |
| --- | --- | --- |
| | | |

OCR
RECOGNISING ACHIEVEMENT

**OXFORD CAMBRIDGE AND RSA EXAMINATIONS**

**General Certificate of Secondary Education**

**GUJARATI** **1927**

LISTENING

HIGHER TIER

**SPECIMEN PAPER 2003**

Candidates answer on the question paper.
Additional materials:
None

**TIME** 5 minutes reading time + 40 minutes (approx)

**INSTRUCTIONS TO CANDIDATES**

During these introductory comments you should tell the invigilator immediately if you have any difficulty in hearing the recording. Once the test has begun, the tape will not be stopped.

Write your name, Centre number and candidate number in the spaces at the top of this page.

Answer **all** the questions.

Write your answers in the spaces provided on the question paper.

**INFORMATION FOR CANDIDATES**

There are two sections to this paper – Section 2 and Section 3.

The number of marks available is shown in brackets at the end of each question or part question.

The total marks for this paper is 50.

For each exercise there are instructions telling you what to do and whether you have to answer in Gujarati or English.

You will hear all the recordings twice.

No dictionaries are allowed.

Turn to page two now.

**This question paper consists of 10 printed pages.**


© OCR 2000

Registered Charity Number: 1066969

**[Turn over**


## Section 2

**Exercise 1: Questions 1 – 5**

You hear your teacher giving information about your school tour.

Write short answers in English for your friend who does not understand Gujarati.

| | | |
|---|---|---|
| **Example** | **Question:** | Who can go on this tour? |
| | **Answer:** | Year 9 pupils |



1 How long is the tour for?

______________________________________________ [1]

2 What do the students need to do in order to go on the tour?

______________________________________________ [1]

[Pause]

3 How will the school help?

______________________________________________ [1]

4 What can the students take on the tour?

______________________________________________ [1]

5 What information must the students give?

______________________________________________ [1]

[Total : 5 marks]

**Exercise 2: Questions 6 – 13**

**ફકરો બીજોઃ સવાલ ૬ - ૧૩**


તમે રેડિયો પર એક સંવાદ સાંભળો છો.

નીચેનાં વાકયોમાં ખાલી જગાઓ પૂરો. યોગ્ય શબ્દો નીચેના ચોકઠામાંથી પસંદ કરો. જરૂર કરતાં વધારે શબ્દો આપેલા છે.

| | | | |
|---|---|---|---|
| ઘણી | ઇચ્છા | મોટા | તાલીમ |
| જીતી | નાનું | છોકરીઓ | |
| ભણવું | રમવાની | કુટુંબમાં | દોડવાની |

**દાખલો** રિટાને ટેસ્ટ મેચમાં રમવાની ....ઇચ્છા.... છે.

સાચો શબ્દ ઇચ્છા છે.



૬. તેના ભાઈઓએ તેને એક ......... બેટ આપ્યું. [1]

૭. પડોશમાં તેના જેવડી ............ ન હતી. [1]

૮. તેના ભાઈઓ તેનાથી ............ હતા. [1]

[Pause]

૯. કોલેજમાં તેને .......... તક મળી. [1]

૧૦. કોલેજની ટીમ હંમેશાં ........... જાય છે. [1]

૧૧. રિટા ......... મહેનત કરે છે. [1]

૧૨. તેને સારી .......... મળે છે. [1]

૧૩. તેને ખૂબ .......... છે. [1]

[Total : 8 marks]


**Exercise 3: Questions 14 – 18**

**ફકરો ત્રીજોઃ સવાલ ૧૪ - ૧૮**

ટપાલકચેરીના કલાર્ક સાથે એક ગ્રાહક વાતચીત કરે છે.

નીચેના સવાલોના જવાબ ગુજરાતીમાં લખો.

| | | |
|---|---|---|
| દાખલો | સવાલઃ | ગ્રાહકને પારસલ કયાં મોકલવું છે ? |
| | જવાબઃ | ભારત |



૧૪ પારસલ કઈ બે રીતે મોકલી શકાય ?

ક) ____________________ [1]

ખ) ____________________ [1]

૧૫ પારસલ મોકલવાનો કેટલો ખર્ચ થશે ?

____________________ [1]

૧૬ પારસલમાં શું છે ?

ક) ____________________ [1]

ખ) ____________________ [1]

૧૭ ગ્રાહક પારસલ રજીસ્ટર કેમ નહીં કરે ?

____________________ [1]

૧૮ તેને પાછું શા માટે આવવું પડશે ?

____________________ [1]

[Total : 7 marks]

## Section 3


**Exercise 1: Questions 1 – 8**

**ફકરો પહેલોઃ સવાલ ૧ થી ૮**

તમે એક રેડિયો વાર્તાલાપ સાંભળો છો.

નીચે સાચા જવાબ સામે (√) મૂકો.

| | | | |
|---|---|---|---|
| દાખલો | અમુક કામો ક્યારે સફળ થાય છે ? | | |
| | ક) | તડકો હોય | ...... |
| | ખ) | હવામાન સારું હોય | ..√... |
| | ગ) | વરસાદ હોય | ...... |



૧ પ્રવાસે જતાં પહેલાં શું કરવું જરૂરી છે ?

ક) ખરીદી કરવી ......
ખ) હવામાનની માહિતી મેળવવી ......
ગ) ખાવાનું તૈયાર કરવું ...... [1]

૨ ઉજાણી માટે કેવું હવામાન જોઈએ ?

ક) યોગ્ય તાપ ......
ખ) કડકડતી ઠંડી ......
ગ) સખત પવન ...... [1]

૩ વસંતઋતુનો તહેવાર કયો છે ?


ક) દિવાળી ......
ખ) ઉતરાણ ......
ગ) હોળી ...... [1]

૪ નાતાલ પર બરફ પડે ત્યારે લોકોને શું થાય છે ?

ક) ગુસ્સો આવે છે ......
ખ) નિરાશ થઈ જાય છે ......
ગ) આનંદ થાય છે ...... [1]



**[Turn over**



૫ શિયાળામાં લોકો શું કરે છે ?

| | | | |
|---|---|---|---|
| ક) | ઊનનાં કપડાં પહેરે | ...... | |
| ખ) | ઘરની અંદર રહે | ...... | |
| ગ) | ગરમ પીણાં લે | ...... | [1] |

૬ લેખકને ખૂબ વરસાદ શા માટે પસંદ હતો ?

| | | | |
|---|---|---|---|
| ક) | પાણીમાં રમવા મળે | ...... | |
| ખ) | હોડી તરાવવા મળે | ...... | |
| ગ) | છત્રી વાપરવા મળે | ...... | [1] |

૭ ખેડૂતને ખાસ શું ઉપયોગી છે ?

| | | | |
|---|---|---|---|
| ક) | તડકો | ...... | |
| ખ) | વરસાદ | ...... | |
| ગ) | ઠંડક | ...... | [1] |

૮ વરસાદ કોને પસંદ નથી ?

| | | | |
|---|---|---|---|
| ક) | જિતુમામાને | ...... | |
| ખ) | મોટાભાઈને | ...... | |
| ગ) | લેખકને | ...... | [1] |

[Total : 8 marks]


**Exercise 2: Questions 9 – 10**

You hear a discussion on the local radio. Your English friend wants to know what it is about.

Answer your friend's questions in English.

**9** What concerns does the teacher express about:

| | | |
|---|---|---|
| **Example** | life in the area? | |
| | **Answer:** | It will not remain peaceful |



**(a)** car owners' problems?

______________________________ [1]

**(b)** late night cinema goers?

______________________________ [1]

**(c)** school children?

______________________________ [1]

[Pause]

**10** In his support for the cinema what does the student say about:

**(a)** jobs?

______________________________ [1]

**(b)** other benefits to the community?

______________________________ [1]

[Total : 5 marks]


**Exercise 3: Questions 11–15**

**ફકરો ત્રીજો: સવાલ ૧૧ થી ૧૫**

ટેઈપ પર કાજલ તેની બહેનપણી મીનાનો સંદેશો સાંભળે છે.

નીચેના સવાલોના ટૂંકા જવાબ ગુજરાતીમાં લખો.

| | | |
|---|---|---|
| **દાખલો** | **સવાલ:** | ટેઈપ સાંભળીને મીનાને શેનું મન થઈ જાય છે ? |
| | **જવાબ:** | પતંગ ચગાવવાનું |



૧૧ મીનાની નિશાળમાં નવરાત્રિ કઈ રીતે ઉજવાય છે ?

______________________________

______________________________ [2]

૧૨ ત્યાં ઈદની શી શી તૈયારી થાય છે ?

______________________________

______________________________ [2]

[Pause]

૧૩ અહીં દિવાળીની મજા કરવા જતા લોકોને કઈ કઈ તકલીફ પડે છે ?

ક) ______________________________ [1]

ખ) ______________________________ [1]

ગ) ______________________________ [1]

૧૪ લોકો પોતાનો આનંદ કેવી રીતે દર્શાવે છે ?

______________________________ [1]

૧૫ મીનાને બેલગ્રેવ મેળો ગમવાનાં કારણો વિગતવાર લખો.

______________________________

______________________________

______________________________ [3]

[Total : 11 marks]


**Exercise 4: Questions 16 – 20**

**ફકરો ચોથોઃ સવાલ ૧૬ - ૨૦**

ઉમાબેન વિદ્યાર્થીઓને પોતાના વ્યવસાય વિષે વાતો કરે છે.

નીચેના સવાલોના ટૂંકા જવાબ ગુજરાતીમાં લખો.

| | |
|---|---|
| દાખલો | સવાલઃ આ કામમા ઉમા વ્યાસને કેટલા સમયથી અનુભવ છે ? |
| | જવાબઃ ત્રણ વર્ષથી. |



૧૬ તેના કામમાં કઈ જાતની અનિયમિતતા છે ?

______________________ [1]

૧૭ તેનું કામ તેને શા માટે પસંદ છે ?

______________________ [1]

૧૮ મુસાફરોની આશાઓની ઉમા પર શી અસર થાય છે ?

______________________ [1]

૧૯ ઉમા કામમાં જોખમ ખેડવા કેવું વ્યકિતત્વ ધરાવે છે ?

______________________ [1]

૨૦ આ કામમાં જવા માટે શું શું હોવું જોઈએ ?

______________________

______________________ [2]

[Total : 6 marks]

OXFORD CAMBRIDGE AND RSA EXAMINATIONS

General Certificate of Secondary Education

**GUJARATI** **1927**

LISTENING

HIGHER TIER

TAPESCRIPT

**SPECIMEN PAPER 2003**


© OCR 2000
Registered Charity Number: 1066969
[Turn over

તમે રેડિયો પર એક સંવાદ સાંભળો છો.

દાખલોઃ મારે ટેસ્ટ મેચમાં રમવું છે.

(3 sec. Pause)
Repeat stimulus
(3 sec. Pause)

પહેલાં સવાલ ૬ થી ૮ જુઓ.

(20 sec. Pause)

રે.પ્રિ.: રિટાબહેન , તમારી ખાસ ઇચ્છા કઈ છે ?

રિટાઃ મારી ખાસ ઇચ્છા તો ભારતની મહિલાઓની ક્રિકેટ ટીમ તરફથી ટેસ્ટ મેચોમાં રમવાની છે.

રે.પ્રિ. તમે ક્રિકેટ રમવાનું કયારથી શરૂ કર્યું ?

રિટાઃ હું નાની હતી ત્યારે મારા ભાઈઓની સાથે રમવાની જીદ કરતી અને રડતી. તેથી મને રાજી કરવા તેઓએ મને એક નાનું બેટ લાવી દીધું. બસ ત્યારથી હું ક્રિકેટ રમતી થઈ ગઈ.

રે.પ્રિ. તમને છોકરીઓની કોઈ રમત નહોતી ગમતી ?

રિટાઃ મારે કોઈ બહેન નથી. અને પાંચેય ભાઈઓથી હું નાની છું. વળી પડોશમાં મારી ઉંમરની છોકરીઓ ન હોવાને કારણે હું છોકરીઓની રમત કોની સાથે રમું ?

(30 sec. Pause)
Repeat Guj. stimulus
(30 sec. Pause)

હવે સવાલ ૯ થી ૧૩ જુઓ.

(15 sec. Pause)

રે.પ્રિ. કોલેજની ટીમ તરફથી રમવાની તક તમને કેવી રીતે મળી ?

રિટાઃ અમારી કોલેજના ક્રિકેટના શિક્ષકે મને એકવાર છોકરાઓની ટીમ તરફથી રમતી જોઈ. તેમને મારી રમત બહુ ગમી. બસ, મને તક મળી ગઈ.



[Turn over

રે.પ્રિ.: પછી તો તમે બહુ સારી પ્રગતિ કરી, ખરું ને ?

રિટા: હા. ત્યારથી અમારી કોલેજની ટીમ કદી કોઈ મેચમાં હારી નથી.

રે.પ્રિ.: તમને લાગે છે કે ભારતની મહિલાઓની ટીમમાં રમવાની તક જલદી મળશે?

રિટા: હું ખૂબ મહેનત કરું છું. મને તાલીમ પણ સારી મળે છે. એટલે મને ઘણી આશા છે.

રે.પ્રિ.: અને તમારું આ સપનું પૂરું થશે પછી ?

રિટા: ક્રિકેટ તો મારો શોખ છે. મારે તો ખૂબ ભણીગણીને કોઈ સારી ડીગ્રી મેળવવી છે. એ બાબત મારા માટે વધારે મહત્વની છે.

(30 sec. Pause)
Repeat Gujarati stimulus
(40 sec. Pause)

**ફકરો ત્રીજો: સવાલ ૧૪ થી ૧૮**

(3 sec. Pause)

ટપાલકચેરીના કલાર્ક સાથે એક ગ્રાહક વાતચીત કરે છે.

દાખલો:
ગ્રાહક: આ પારસલ ભારત કઈ રીતે મોકલી શકાય ?

(3 sec. Pause)
Repeat stimulus
(3 sec. Pause)

હવે સવાલ ૧૪ થી ૧૮ જુઓ

(30 sec. Pause)

કલાર્ક: હવાઈ ટપાલથી અથવા દરિયાઈ ટપાલથી.
ગ્રાહક: મારે તે ચારેક દિવસમાં પહોંચે તેવી રીતે મોકલવું છે.
કલાર્ક: તો તે પ્રથમ વર્ગની હવાઈ ટપાલથી મોકલો.
ગ્રાહક: તેના કેટલા પૈસા થાય ?
કલાર્ક: મારે પહેલા તેનું વજન કરવું પડશે. લાવો....અં... તેના અગિયાર પાઉંડ અને પચીસ પેન્સ થશે. તેમાં શું છે ?
ગ્રાહક: તેમાં ઘડિયાળ અને રમકડાં છે.
કલાર્ક: તમે તે રજીસ્ટર કરીને મોકલો તો ખોવાઈ જવાનો ડર નહીં રહે.
ગ્રાહક: તેવી રીતે મોકલતા બહુ ખર્ચ થાય ?
કલાર્ક: તેનો ખર્ચ લગભગ વીસ પાઉન્ડ થાય.

ગ્રાહકઃ ઓહ! તે મોંઘું પડે એટલે પ્રથમ વર્ગની ટપાલથી જ મોકલીશ.
કલાર્કઃ ભલે, લાવો.
ગ્રાહકઃ અરે! મારી પાસે પૂરતા પૈસા નથી...હું બપોર પછી આવું તો?
કલાર્કઃ ભલે.

(15 sec. Pause)
Repeat Gujarati stimulus
(60 sec. Pause)

This is the end of Section 2

## Section 3

There are four exercises in this section. You will hear each recording twice. There will be pauses for you to read the questions and to write your answers.

### Exercise 1: Questions 1 – 8

ફકરો પહેલોઃ સવાલ ૧ થી ૮.

(3 sec. Pause)

તમે એક રેડિયો વાર્તાલાપ સાંભળો છો.

(5 sec. Pause)

દાખલોઃ આપણાં કેટલાંએ કાર્યો હવામાન અનુકુળ હોય તો જ સફળ થાય છે.

(5 sec. Pause)

સાચો જવાબ છે - હવામાન સારું હોય.

હવે સવાલ ૧ થી ૪ જુઓ.

(30 sec. Pause)

એટલે જ મુસાફરી યોજતા પહેલાં હવામાનની આગાહી જાણી લેવી જરૂરી છે. ઉજાણી, પ્રવાસ અને રમત ગમત માટે સારું હવામાન હોવું જોઈએ, એટલે કે વરસાદ અને ખૂબ પવન ન હોય અને સારો તડકો હોય. તહેવારોના ઉત્સવો પર પણ હવામાનની અસર દર્શાય છે. જેમ કે વસંત ઋતુમાં ગુજરાતના લોકો ઘરની બહાર હોળીની મજા માણી શકે છે. શિયાળામાં બરફ પડે ત્યારે ઘરની બહાર નીકળવું કોને ગમે? જો કે બ્રિટનમાં નાતાલના તહેવારો દરમિયાન બરફ પડે તો લોકો અતિ ઉત્સાહમાં આવી જાય છે. ત્યારે બરફ પર રમવાની અને લપસવાની મજા જ કંઈ ઔર છે.

(10 sec. Pause)
Repeat Gujarati stimulus
(30 sec Pause)

હવે સવાલ ૫ થી ૭ જુઓ.

(30 sec. Pause)

ઈંગ્લેંડમાં પડતી ઠંડીથી બચવા આખું શરીર ગરમ કપડાં પહેરીને ઢાંકી દેવું પડે છે. જ્યારે ગુજરાતમાં હવામાન લગભગ આખું વર્ષ સારું હોય છે. તેથી લોકો રંગબેરંગી પાતળાં કપડાં પહેરી શકે છે. હું નાનો હતો ત્યારે મને કોટ અને છત્રી ઓઢવા બહુ ગમતા. તેથી ધોધમાર વરસાદ હંમેશાં પડે તેમ ઈચ્છતો. પણ મારા મોટાભાઈને હોકી રમવું હોય ત્યારે જરા પણ વરસાદ પડે તો ચિડાઈ જતા. મારા જીતુમામા ખેતરમાં સારું અનાજ પાકે તે માટે વરસાદ સારો પડે તેવી પ્રાર્થના કરતા.

(10 sec. Pause)
Repeat Gujarati stimulus
(30 sec. Pause)

**Exercise 2: Questions 9 and 10**

You hear a discussion on the local radio. Your English friend wants to know what it is about.
(5 sec. Pause)

**Example:** વિસ્તારમાંથી શાંતિ જતી રહેશે.

(5 sec. Pause)

Now look at question 9
(10 sec. Pause)

એક શિક્ષિકાઃ મારા જેવા ઘરડા અને નિવૃત્ત લોકોનું માનવું છે કે આ વિસ્તારમાં સિનેમા ન બંધાય તેમાં જ સૌનું ભલું છે. સિનેમા આવતાં જ અહીં શાંતિ નહીં રહે. અવાજ વધી જશે. બીજી ઘણી તકલીફો ઊભી થશે. પહેલાં તો ગાડીઓની દોડધામ વધશે. અહીં ગાડી રાખવાની મુશ્કેલી વધી જશે. રાતના સિનેમામાંથી છૂટીને અહીંથી પસાર થતા લોકો ક્યારેક અવાજ અને ભાંગફોડ પણ કરે. ઉપરાંત અહીં ચોરીનો ભય પણ વધી જવાનો. કદાચ નિશાળે જવાને બદલે આપણાં બાળકો સિનેમાની લતે ચડી જાય.

(25 sec. Pause)
Repeat Gujarati stimulus
(25 sec. Pause)

Now look at question 10
(10 sec. Pause)

એક વિદ્યાર્થીઃ હું એક વિદ્યાર્થી છું. આવા મોટા સિનેમા જ્યાં એક સાથે ત્રણ કે ચાર ફિલ્મો બતાવતી હોય તેવા અહીં બંધાય તે બહુ જરૂરી છે. લોકો પોતાને ગમે તેવી ફિલ્મ જોઈ શકે. વળી દર શનિરવિ આ નવા સિનેમામાં હિંદી ફિલ્મો બતાવવામાં આવશે. સ્થાનિક લોકોને બસમાં બેસી દૂર શહેરમાં નહીં જવું પડે. મોડી રાતે બસમાં ઘેર આવતી વખતે ગુંડાઓ તેમને સતાવે તેનો ડર પણ નહીં રહે. સમય અને બસના પૈસા બચશે. સિનેમા સાથે એક હોટલ પણ બંધાશે એટલે આ વિસ્તારમાં નોકરીની તકો પણ વધશે.

(20 sec. Pause)
Repeat Gujarati stimulus
(20 sec. Pause)

**ફકરો ત્રીજોઃ સવાલ ૧૪ થી ૧૯**

ટેઈપ પર કાજલ તેની બહેનપણી મીનાનો સંદેશો સાંભળે છે.

(3 sec. Pause)

**દાખલોઃ** ઉતરાણના ઉત્સવની વાતો સાંભળીને મને પણ પતંગ ચગાવવાનું મન થઈ ગયું.

(5 sec. Pause)
સાચો જવાબ છે - પતંગ ઉડાવવાનું

હવે સવાલ ૧૪ અને ૧૫ જુઓ.
(10 sec. Pause)



**[Turn over**

મીનાઃ કેમ છો કાજલ? લેસ્ટરથી તારી બહેનપણી મીનાના નમસ્કાર. તેં મોકલાવેલી ટેઈપ પર અમદાવાદમાં ઉજવેલા ઉતરાણના ઉત્સવની વાતો સાંભળીને મને પણ પતંગ ચગાવવાનું મન થઈ ગયું. હવે હું તને લેસ્ટરની વાત કહું. તને એ જાણીને નવાઈ લાગશે કે અમારું લેસ્ટર ઉત્સવો અને તહેવારોના શહેર તરીકે ઓળખાય છે. વર્ષ દરમિયાન અહીં અનેક તહેવારો ઉજવાય છે.

તું માનીશ? નવરાત્રિના તહેવારોમાં શનિવારે સાંજે અમારી નિશાળમાં બધી કોમના વિદ્યાર્થીઓ અને શિક્ષકો રંગબેરંગી કપડાં પહેરીને દંડિયા રાસ રમે છે. અને ત્યારે એમ જ લાગે કે નવરાત્રિ માત્ર હિંદુઓનો જ તહેવાર નથી.

રમઝાન મહિનો શરૂ થાય ત્યારથી જ વિદ્યાર્થીઓ મેંદી અને ઈદ કાર્ડની ડિઝાઈનો બનાવવા મંડી પડે છે. દરેક વર્ગની દિવાલો ઈસ્લામ ધર્મ વિષેના ચિત્રો અને લેખોથી ભરાઈ જાય છે. લેસ્ટર શહેરના રસ્તાઓ ઈદની સજાવટથી શોભી ઊઠે છે.

પણ અમારા શહેરના તહેવારોનો રાજા તો નાતાલ. હા, નાતાલ આવે તેના બે મહિના અગાઉથી જ આખું ય શહેર બત્તીઓથી અને સુંદર સજાવટથી શોભી ઊઠે છે.

(40 sec. Pause)
Repeat Gujarati stimulus
(40 sec. Pause)

હવે સવાલ ૧૬ થી ૧૯ જુઓ.

(15 sec. Pause)

હવે અહીં ઉજવાતી દિવાળીની વાત કરું. અમારી દિવાળી તો આખાયે યુરાપમાં પ્રખ્યાત છે. અહીં બેલગ્રેવ રોડનો વિસ્તાર હજારો લોકોથી ખીચોખીચ ભરાઈ જાય છે. અને તેથી ચાલવાની પણ જગા નથી રહેતી. પોલીસ કોઈ પણ વાહનને તે રસ્તા પર જવા નથી દેતી. તેથી ઘણું ચાલીને ત્યાં જવું પડે છે. પણ તોયે લોકોનો ઉત્સાહ ઘટતો નથી. લોકો એટલા બધા ફટાકડા ફોડે છે કે વાતાવરણ અવાજ અને ધુમાડાથી ભરાઈ જાય છે. મને તો ડર છે કે લોકોનું આવું વર્તન નહીં સુધરે તો અહીંની કાઉન્સિલ દિવાળીની ઉજવણી જ બંધ કરી દેશે. પણ કાજલ મારો મનગમતો ઉત્સવ છે બેલગ્રેવ મેળો. આ ઉત્સવ દર વર્ષે ઉનાળામાં ઉજવાય છે. તેમાં દરેક કોમના લોકો ભાગ લે છે. ખાસ તો મોટા મોટા ખટારા પર અનેક ધર્મ અને સંસ્કૃતિનાં પ્રદર્શનો ગોઠવાય છે જે આખા શહેરમાં ફરે છે. ઉપરાંત લોકો ભેગા મળીને સંગીત અને નાટકોના કાર્યક્રમો ગોઠવે છે. આથી લોકોને આનંદ સાથે જ્ઞાન પણ મળે છે.

(40 sec. Pause)
Repeat Gujarati stimulus
(40 sec. Pause)

**ટુકડો ચોથોઃ સવાલ ૨૦ થી ૨૫**

ઉમાબેન વ્યાસ વિદ્યાર્થીઓને પોતાના વ્યવસાય વિષે વાતો કરે છે

(3 sec. Pause)

દાખલોઃ હું ઉમા વ્યાસ છું. હું છેલ્લા ત્રણ વર્ષથી એર હોસ્ટેસ તરીકે કામ કરું છું.

(5 sec. Pause)

વાકય સાચું છે.

હવે વાકયો ૨૦ થી ૨૫ જુઓ.

(30 sec. Pause)

ઉમાઃ આ કામનો સમય અને ગાળો ચોક્કસ ન હોય. ક્યારેક અમારે દિવસના દસથી પણ વધારે કલાક કામ કરવાનું હોય.

આ કામમાં દેશપરદેશમાં ફરવાની ઘણી તક મળે છે, તેમ જ ઘણાં રસદાયક લોકોને મળવાનું પણ થાય એટલે મને તે ગમે છે. જો કે મુસાફરી દરમિયાન પ્રવાસીઓની તમામ જરૂરિયાતો અને સગવડો પૂરી પાડતા ખૂબ થાક લાગે અને કદીક કંટાળો પણ આવી જાય. બીજું એ કે કોઈવાર અસાધારણ બનાવોનો સામનો પણ કરવો પડે, જેમ કે વિમાનમાં ખામીને હિસાબે અકસ્માતનો ભય રહે. વળી કોઈ વાર ત્રાસવાદીઓ વિમાન ભગાડી જાય તેવા કટોકટીના વખતે પ્રવાસીઓની સલામતીની જવાબદારી અમારા પર આવી પડે. હું એવા જોખમથી ડરતી નથી.

આ વ્યવસાયમાં જોડાવવા સારી તંદુરસ્તી, કોલેજનો અભ્યાસ અને વાતચીત કરવાની કળા હોવા જરૂરી છે. તે સાથે બે ત્રણ ભષાઓનું જ્ઞાન પણ હોવું જોઈએ. આ કામ શરૂ કરો તે પહેલાં છ મહિના તાલીમ લેવી પડે.

(15 sec. Pause)
Repeat Gujarati stimulus
(60 sec. Pause)

This is the end of Section 3

OXFORD CAMBRIDGE AND RSA EXAMINATIONS

General Certificate of Secondary Education

# GUJARATI 1927

LISTENING

HIGHER TIER

MARK SCHEME

**SPECIMEN PAPER 2003**

SB (SLC)
© OCR 2000

Registered Charity Number: 1066969

## Section 2

| Accept | Marks | Reject |
|---|---|---|
| **Exercise 1: Questions 1 – 5** | | |
| 1 One week/7 days | 1 | |
| 2 Get parents' letter/permission | 1 | |
| 3 Will pay half the expenses/cost | 1 | |
| 4 Pocket money | 1 | |
| 5 Illness/medicine they might be taking | 1 | |
| | 5 | |
| **Exercise 2: Questions 6 – 13** | | |
| ૬. ખોટું | 1 | |
| ૭. સાચું | 1 | |
| ૮. ખોટું | 1 | |
| ૯. સાચું | 1 | |
| ૧૦. સાચું | 1 | |
| ૧૧. ખોટું | 1 | |
| ૧૨ સાચું | 1 | |
| ૧૩. સાચું | 1 | |
| | 13 | |
| **Exercise 3: Questions 14 – 18** | | |
| 14. હવાઈ ટપાલથી;<br>દરિયાઈ ટપાલથી | 1<br>1 | |
| ૧૫. ૧૧ પાઉન્ડ અને ૨૫ પેન્સ/£૧૧.૨૫ | 1 | |
| ૧૬. ઘડિયાળ;<br>રમકડાં | 1<br>1 | |
| ૧૭. મોંઘુ / બહુ ખર્ચ થાય એટલે | 1 | |
| ૧૮. પૂરતા પૈસા નથી તેથી. | 1 | |
| | 7 | |

## Section 3

| Accept | Mark | Reject |
|---|---|---|
| **Exercise 1: Questions 1 – 8** | | |
| ૧. ક | 1 | |
| ૨. ક | 1 | |
| ૩. ગ | 1 | |
| ૪. ગ | 1 | |
| ૫. ક | 1 | |
| ૬. ગ | 1 | |
| ૭. ખ | 1 | |
| ૮. ખ | 1 | |
| | 8 | |
| **Exercise 2: Questions 9 – 10** | | |
| **9** **(a)** parking/traffic/lots of cars | 1 | |
| **(b)** theft/mugging/noise | 1 | |
| **(c)** may become addicted to cinema/ may not go to school | 1 | |
| **10** **(a)** more/new jobs available | 1 | |
| **(b)** choice of films/less travelling/save time and money/no need to go to the city/safe (accept any of the above) | 1 | |
| | 5 | |



[Turn over

**Exercise 3: Questions 11–15**

| | | |
|---|---|---|
| ૧૧. | રંગબેરંગી કપડાં પહેરીને | 1 |
| | દાંડિયા રાસ રમે / રમાય છે | 1 |
| ૧૨. | વિદ્યાર્થીઓ કાર્ડ લખે / મેંદી લગાડે/<br>દિવાલ પર ઇસ્લામ ધર્મના ચિત્રો<br>અને લેખો મૂકે ( ગમે તે બે ) | 2 |
| ૧૩. | ક) માણસોની ભીડ | 1 |
| | ખ) વાહનો ન જઈ શકે / ચાલવું પડે | 1 |
| | ગ) ભીડને લીધે ચલાય નહીં / ચાલવામાં<br>મુશ્કેલી પડે / અવાજ / ધુમાડો<br>( ગમે તે એક ) | 1 |
| ૧૪. | ઘણા / ખૂબ ફટાકડા ફોડે છે | 1 |
| ૧૫. | દરેક કોમ ભાગ લે છે / બધા ધર્મના<br>પ્રદર્શનો યોજાય છે / ખટારા સજાવીને<br>ગામમાં ફેરવે છે / સંગીત અને નાટકના<br>કાર્યક્રમો યોજાય છે<br>( ગમે તે ત્રણ ) | 3 |
| | | 11 |

**Exercise 4: Questions 16–20**

| | | |
|---|---|---|
| ૧૬. | સમય / ગાળો ચોકકસ ના હોય;<br>દિવસના દસ કલાકથી પણ વધારે કામ કરવું પડે<br>(Accept either) | 1 |
| ૧૭. | ઘણા દેશોમાં ફરવાનું મળે;<br>ઘણા રસદાયક લોકોને મળવાનું થાય<br>(Accept either) | 1 |
| ૧૮. | થાક લાગે / કોઈ વખત કંટાળો આવે | 1 |
| ૧૯. | નિડરતા | 1 |
| ૨૦. | સારી તંદુરસ્તી; કોલેજનો અભ્યાસ;<br>વાતચીત કરવાની કળા; બે ત્રણ ભાષાઓનું જ્ઞાન<br>(Accept any 2 ) | 2 |
| | | 6 |

**Note: When responses are required in Gujarati in all the three Sections, only communication is being looked at. Grammar and accuracy are not marked. Candidates are not penalised for errors in spellings unless they obstruct communication – when in doubt sound it out.**